Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-17, Issue-3, December-2023
www.researchguru.net

# વેદ: પરિચય

ડૉ. સેજલ દવે

સંસ્કૃત વિભાગ તલોદ કૉલેજ

'વેદ' શબ્દાર્થ:

વેદ શબ્દનો અર્થ 'જ્ઞાન'-પરમ જ્ઞાન - થાય છે. સંસ્કૃત ભાષાના 'જાણવું' અર્થવાળા 'विद् ज्ञाने ધાતુમાંથી આ 'વેદ' શબ્દને વ્યુત્પન્ન કરવામાં આવે છે.' હવે જો 'વેદ' શબ્દનો અર્થ જ્ઞાન થતો હોય તો તે શેનું જ્ઞાન આપે છે ? એવો પ્રશ્ન થવો સ્વાભાવિક છે. તો અખિલ બ્રહ્માણ્ડ તેના રહસ્યો, તેના નિયન્તા દેવો-એ બધું જ જ્ઞેય છે. તથા આ સકળ જ્ઞાનનો જ્ઞાતા રૂપ આત્મા પણ (વેદ)જ્ઞાનનો વિષય બને છે. (વેદના અન્તભાગે આવેલા ઉપનિષદોમાંથી જ્ઞાતા સ્વરૂપ આત્મતત્ત્વ વિષે પણ જાણવા મળે છે.) આથી, ટૂંકમાં કહી શકાય કે વેદ એટલે પરમજ્ઞાન.

અહીં ઋષિ શબ્દનો અર્થ "મંત્રને જોનાર" એવો થાય છે તે પણ ધ્યાનમાં લેવા જેવું છે. કેમ કે ऋषिंदर्शनात् એવી યાસ્કે વ્યુત્પત્તિ આપી છે. ઋષિઓએ પોતાની અન્તઃસ્કુરણાથી જે મન્ત્રો જોયા, તેને વેદ કહે છે. આ 'વેદ' શબ્દનો, લેટિન ભાષાના video (= see) સાથે ઈન્ડો-યુરોપીય ભાષાકુળની દૃષ્ટિએ સંબંધ છે. આમ 'વેદ' એટલે "જોયેલું જ્ઞાન" કે "જોયેલાં મંત્રો" એવો પણ થાય છે. આથી વેદોને "ઋષિઓનું દર્શન" (the object of immediate vision and not of mediate knowledge) પણ કહેવાય છે. ઋષિઓના આ 'દર્શન'માં (૧) વિવિધ દેવોની સ્તુતિઓ, (૨) સૃષ્ટિ વિષયક વિજ્ઞાન તથા (3) બ્રહ્મતત્ત્વ વિષયક ફિલસુફી-એ બધાનો સમાવેશ થઈ જાય છે. આમ 'વેદ' શબ્દનો બહુવ્યાપક અર્થ થાય છે. સાયણાચાર્ય કહે છે કે આપણે પ્રત્યક્ષ કે અનુમાન પ્રમાણથી જે ઉપાયને જાણી શકતા નથી, તેને 'વેદ'થી જાણી શકાય છે. વળી એમ કહેવાયું છે કે 'विद्यन्ते ज्ञायन्ते लभ्यन्ते वा एभिर्धर्मादिपुरु षार्थाः इति वेदाः।' જેનાથી ધર્મ વગેરે ચારેય પુરુષાર્થ જાણી શકાય છે અથવા મેળવી શકાય છે તે વેદ છે.[1] આ જ પ્રમાણે સ્વામી દયાનન્દ સરસ્વતીએ પણ विद् ज्ञाने (૨ જો ગણ), विद् सत्तायाम् (૪થો ગણ), ✓ विद् लाभे (૬ઠો ગણ) અને विद् विचारणे (૭મો ગણ)-એવા જુદા જુદા ચાર ગણના ધાતુમાંથી આ શબ્દ બન્યો છે એમ માનીને 'વેદ'નો શબ્દાર્થ સમજાવતાં તેમની 'ઋગ્વેદભાષ્ય ભૂમિકા'માં લખ્યું છે કે 'विदन्ति जानन्ति, विद्यन्ते भवन्ति, विन्दन्ति अथवा विन्दन्ते लभन्ते, विन्दन्ति विचारयन्ति सर्वे मनुष्याः सर्वाः सत्यविद्या यैः, येषु वा तथा विद्वांश्च भवन्ति ते वेदाः।' અર્થાત્ "જેનાથી સૌ મનુષ્યો સઘળી સત્યવિદ્યાઓને જાણે છે,

અથવા જે (વેદો)માં સઘળી સત્યવિદ્યાઓ રહેલી છે, અથવા જેનાથી સઘળી સત્ય વિદ્યાઓ મેળવી શકાય છે, અથવા જે (વેદો)થી સઘળી સત્યવિદ્યાઓ વિચારીને બધા માણસો વિદ્વાનો થાય છે તેને 'વેદ' કહેવાય છે."

ટૂંકમાં, "વેદ" એટલે પરમજ્ઞાન, આધ્યાત્મિક જ્ઞાન એમ સમજાય છે. વળી, 'વેદ' શબ્દ "વેદ-સાહિત્ય', કે જેમાં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદનો મુખ્યત્વે સમાવેશ થાય છે-તેનો પણ વાચક છે. આમ 'વેદ' શબ્દ રૂઢિથી ઈશ્વરીય જ્ઞાનને માટે તથા હિન્દુઓના ધાર્મિક આર્ષ સાહિત્યને માટે વપરાય છે.

'વેદ' શબ્દના અન્ય અર્થો:

'વેદ'ને માટે અન્ય નામાન્તરો, જેવાં કે आम्नाय, श्रुति કે निगम જેવા શબ્દોનો પણ પ્રયોગ થાય છે. ભારતના સાહિત્ય દર્શનનો અને વિવિધ શાસ્ત્રોનો મૂળસ્રોત વેદમાં થયેલો છે. એવી માન્યતા હોવાને કારણે વેદોને 'આમ્નાય' કે 'નિગમ' કહેવામાં આવ્યા છે. વેદને માટે શ્રુતિ (= સાંભળેલું જ્ઞાન) એવો શબ્દ પણ વપરાય છે. 'શ્રુતિ' એટલે અનાદિકાળથી પ્રવર્તિ રહેલ અનન્તનું સંગીત. વેદકાળના ઋષિઓએ આ ગાન સાંભળ્યું હતું. શ્રીરાધાકૃષ્ણને પણ વેદને "the thythm of the infinite heard by the soul' કહેલ છે. તથા ગુરુ-શિષ્ય પરંપરામાં અને/અથવા પિતા-પુત્રોની વંશપરંપરામાં ઈશ્વરીય જ્ઞાનના ભંડાર સમા વેદોને-વેદમંત્રોને કેવળ સાંભળીને અર્થાત્ શ્રુતપરંપરાથી કંઠસ્થ કરીને સાચવવામાં આવ્યા/આવતા હોઈને, તેમને "શ્રુતિ" (ગ્રંથો) પણ કહેવામાં આવે છે. વળી ભારતીય માન્યતા મુજબ ઋષિઓને યજ્ઞક્રિયા દરમ્યાન આ ઈશ્વરીય જ્ઞાનનું-વેદમંત્રોનું દર્શન થયું હોઈને વેદને આર્ષ-સાહિત્ય' પણ કહેવામાં આવે છે. એ જ પ્રમાણે, આ વેદના મન્ત્રોની રચના મુખ્યત્વે છંદોબદ્ધ થયેલી જોવા મળે છે. આથી વેદોને માટે 'છન્દસ્' એવા શબ્દનો પણ પ્રયોગ થાય છે.

श्री माधवायायें "न्यायविस्तार" अन्यभां बयु के के सोऽयं गद्यपद्यगानलक्षणतया त्रयीमंजितो वेदः, ॠग्यजुः सामाथर्वेति । चतुः संहितासु विभक्तो विषयभेदात् । ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ ને લીધે 'વેદત્રયી' પણ કહેવામાં આવે છે. કારણ કે તેમાં ગદ્યાત્મક, પદ્યાત્મક અને ગાનાત્મક મન્ત્રો આવેલા છે. બીજા શબ્દોમાં કહીએ તો પદ્યાત્મક મન્ત્રોને 'ઋક્' કહેવાય છે. ગેય = ગાનાત્મક, મન્ત્રોને 'સામ' કહેવાય છે તથા ગદ્યાત્મક મન્ત્રોને યજુસ કહેવાય છે. આમ ચારેય વેદોનાં મન્ત્રો આ ત્રણ પ્રકારના હોઈને, તે ચારેય વેદોને માટે 'વેદત્રયી' કે 'ત્રયી વિદ્યા' એવા શબ્દો પણ વપરાય છે. (કેટલાક વિદ્વાનોએ એવો મત ઉચ્ચાર્યો છે કે "મૂળમાં તો ત્રણ વેદો જ હતા. ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ. આ ત્રણ વેદોને જ 'વેદયત્રી' કહેવામાં આવે છે તથા ચોથો વેદ-અથર્વવેદ તો પાછળથી રચાયો છે." પરંતુ ઉપયુંક્ત માધવાચાર્યનો મત જાણ્યા

પછી આ આધુનિક વિદ્વાનોનો મત ઔચિત્ય બને છે.)

વેદોનું મહત્ત્વ:

વેદોનો મહિમા અનંત છે. અગાઉ જણાવ્યું છે તેમ વેદ એટલે જ 'પરમ જ્ઞાન', તથા ભારતીય માન્યતા મુજબ મનુષ્ય જીવનમાં ધર્મ-અર્થ-કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થો મેળવવા માટે વેદો જ ઉપાયરૂપ છે. વળી, પ્રાચીન ભારતના, તેમ જ ભારોપીય (Indo-European) સાહિત્યના જૂનામાં જૂના સ્મારક તરીકે વિશ્વના સાહિત્યમાં વેદનું સ્થાન મહત્ત્વનું છે. મેક્સમ્યુલર જણાવે છે તેમ- "જ્યાં સુધી માણસ પોતાના વંશના ઇતિહાસમાં રસ લેવાનું ચાલુ રાખશે અને જયાં સુધી આપણે ગ્રંથાલયો અને સંગ્રહાલયોમાં પ્રાચીન જમાનાઓના અવશેષોનો સંગ્રહ કરતા રહીશું ત્યાં સુધી આર્યજાતિના માનવોના સ્મરણ લેખો ધરાવતા પુસ્તકોની હારમાળામાં પ્રથમ સ્થાન ઋગ્વેદનું જ રરહેશે.[2] પ્રાચીન ભારતીય આર્ય પ્રજાના જીવન, તત્ત્વજ્ઞાન, ધર્મ, સંસ્કૃતિ, પુરુષાર્થો અને ઈતિહાસની વિગતોથી ભરેલા વેદોને તો જગતનું સૌથી જૂનું ઉપલબ્ધ સાહિત્ય ગણવામાં આવે છે. વેદોને માટે The oldest literary monument of the world' એમ પણ કહેવાયું છે. રૂઢિથી 'વેદ' શબ્દ એક અસાધારણ જ્ઞાન અથવા ગૌરવનો પણ વાચક બન્યો છે. પરિણામે સમાજના અમુક વર્ગના લોકોને માટે જ્ઞાનના કે મનોરંજનના ઉપાય તરીકે 'નાટકની અને નાટ્યશાસ્ત્ર'ની રચના-ઉત્પત્તિ કરવામાં આવી તેને પાંચમો "નાટમવેદ" કહેવાય.[3] તે જ પ્રમાણે વૈશ્વિક જ્ઞાનની ખાણ સમા મહાભારત જેવા ઇતિહાસગ્રન્થને માટે પણ 'ભારતવેદ' શબ્દ વપરાય છે તથા ધન્વન્તરીના ઔષધિજ્ઞાનને માટે પણ આયુર્વેદ શબ્દ વપરાય છે.

વેદોનું અપરુષેયત્વ

ઋગ્વેદાદિ ચારેય વેદોની રચના કોઈ વ્યક્તિવિશેષ કે ઋષિઓએ કરી નથી. જેવી રીતે 'રામાયણ' ની રચના આદિકવિ વાલ્મીકિએ કરી, 'મહાભારત'ની રચના મહર્ષિ વ્યાસે કરી કે 'શાકુન્તલ' જેવા વિશ્વવિખ્યાત નાટકની રચના મહાકવિ કાલિદાસે કરી છે તેવી રીતે વેદોની રચના કોઈ માણસે કરી નથી. ભારતીય માન્યતા મુજબ 'જેવી રીતે ઈશ્વર પોતે અનાદિ, અનન્ત અને અવિનાશી છે તેવી રીતે તે ઈશ્વરીય જ્ઞાન સમા વૈદો પણ અનાદિ, અનન્ત અને અવિનાશી છે. સૃષ્ટિની રચના થવાની સાથે જ ઈશ્વરે આ પરમ જ્ઞાન = વેદો ઋષિઓના હૃદયમાં પ્રકાશિત કર્યું છે." આ અર્થમાં વશિષ્ઠાદિ ઋષિઓ વેદોના રચયિતા કે કર્તા નથી, પણ દ્રષ્ટા છે. આમ યજ્ઞક્રિયાઓ દરમ્યાન ઋષિઓને વેદમંત્રોનું દર્શન થયું હતું, આથી ઋષિઓને "દૃષ્ટા" કહેવાય છે, અને આ અર્થમાં જ વેદો કોઈ પુરુષની રચના નથી.

સૃષ્ટિના આરંભે ઋષિઓના હૃદયમાં પ્રકાશિત થયેલું આ જ્ઞાન સૃષ્ટિના પ્રલય

સમયે વળી પાછું ઈશ્વરમાં જ લીન થઈ જાય છે. આ જ વિચારને બૃહદારણ્યક ઉપનિષદ્માં બીજા શબ્દોમાં મૂકવામાં આવ્યો છે. જેમ કે, (વેદોની રચના કોઈ વ્યક્તિએ કરી નથી, પણ) વેદો, ઈતિહાસ, પુરાણ, ઉપનિષદો વગેરે તો ઈશ્વરનો ઉચ્છ્વાસ છે.[4]

'વેદો એ ઈશ્વરીય જ્ઞાન છે' એવું વેદોમાં જ કહ્યું છે. જેમ કે,

तस्माद्यज्ञात् संर्वहुत ऋ चः सामानि जज्ञिरे ।

छन्दांसि जज्ञिरे तस्माद्यजु स्तस्मांद जायत ॥ ऋ. १०-९०-

અર્થાત્, 'બધું હોમી દેનાર તે યજ્ઞ (હવિ)માંથી ઋચાઓ અને સામ ઉત્પન્ન થયાં, અને તે (યજ્ઞ)માંથી યજુસ ઉત્પન્ન થયું."

આ જ પ્રમાણે, વેદોત્તર સાહિત્યમાં પણ કહેવાયું છે કે વેદો અપૌરુપેય, નિત્ય અને ઈશ્વરકૃત છે. તૈત્તિરીય આરણ્યકના ભાષ્યમાં સાયણે લખ્યું છે કે - यद्यप्यपौरु षेये वेदे कर्तारो न भवन्ति, कल्पादरी ईश्वरानुग्रहेण मन्त्राणां लब्धारो मन्त्रकृदित्युच्यन्ते । (तै. आ. सा. भा. ४-१-१) "જો કે અપૌરુષેય વેદોના કોઈ કર્તા (રચયિતા) હોતા નથી, પણ કલ્પ(સૃષ્ટિ)ના આરંભે ઈશ્વરની કૃપાથી જેમને તે મન્ત્રો મળે છે (જે ઋષિઓને મત્રોનું દર્શન થાય છે) તેમને (તે ઋષિઓને) 'મન્ત્રકૃત્' કહેવામાં આવે છે." નિરુક્તકાર યાસ્કે પણ લખ્યું છે કે "ઋષિઓ તો મન્ત્રોના દર્શન કરનાર છે."

વેદમાં સિન્ધુ. કુંભા, અસિકની, શુતુદ્રી, વિપાટ્ વગેરે પ્રાચીન ભારતની નદીઓનો ઉલ્લેખ મળે છે, અને મિથિલા, વિદેહ, કુર. કોસલ વગેરે નગરોનો નામોલ્લેખ પણ છે. એ જ પ્રમાણે વેદોમાં કેટલાંક આખ્યાનો, કથાનકો અને સંવાદસૂક્તો આવેલા છે. જેમ કે, પુરૂરવા-ઉર્વશીનો સંવાદ, વિશ્વામિત્ર ઋષિ અને નદીઓનો સંવાદ, યમ-યમીનો સંવાદ, સરમા- પણિ, સુદાસ-વિશ્વામિત્ર, ઈન્દ્ર-અહલ્યા, ઈન્દ્ર-વૃત્ર, દાશરાજ્ઞ, યુદ્ધના કથાનકો, તથા જુગારીની એકોક્તિઓ આવેલી છે. વેદમન્ત્રોમાં આ બધા વર્ણનો વાંચીને કેટલાક પાશ્ચાત્ય યુરોપીય વિદ્વાનોનું માનવું છે કે વેદોમાં કોઈક ઐતિહાસિક ઘટનાઓનુ આલેખન છે. સંભવતઃ સૂર્યવંશી અને ચંદ્રવંશી રાજાઓ વચ્ચે યુદ્ધ થયું હશે અથવા આર્યો અને અનાર્યો વચ્ચે યુદ્ધ થયું હશે. ઈન્દ્રદેવતા એ આર્યોનો નેતા હશે અને તેણે નગરો, કિલ્લાઓ તોડીને, અશ્વારૂઢ થઈને અતિ પ્રાચીન સમયમાં ભારતમાં પ્રવેશ કર્યો હશે !-આમ જો વેદમાં કોઈ ઐતિહાસિક ઘટનાઓ વર્ણવાઈ હોય તો - તે વેદો પ્રામાણિત છે એમ ન કહી શકાય. આવી નિશ્ચિત સમયમર્યાદામાં થયેલી ઘટનાનું વર્ણન કોઈક ઋષિમુનિએ-મનુષ્યે-જ કર્યું હોય તો ઋષિઓને મન્ત્રોના દ્રષ્ટા નહિ, પણ કર્તા કે રચયિતા કહેવાય. આમ પાશ્ચાત્યોના મતે વેદો અનાદિ નહિ પણ સ-આદિ (સાદિ) પૂરવાર થાય છે.

પરંતુ ભારતીય પરંપરા 'વેદોમાં કોઈ ઈતિહાસ' હોવાનું સ્વીકારતી નથી.

આપણા મતે તો વેદોમાં જે નદી, નગર, વ્યક્તિ, ઋષિનાં નામો, યુદ્ધાદિનાં વર્ણનો છે તે વ્યક્તિપરક નથી; પણ તત્વજ્ઞાનથી ભરેલાં છે. તેનો કોઈ ગૂઢ આશય છે. વેદોના પ્રાચીનતમ ટીકાકાર સ્કંદસ્વામી લખે છે કે- औपचारिकोऽयं मन्त्रेष्वाख्यानसमयः। परमार्थे तु नित्यपक्ष एव इति सिद्धम् ॥

મન્ત્રોમાં કોઈ ઐતિહાસિક ઘટનાઓનું વર્ણન છે.-એમ તો ઔપચારિક રીતે (ઉપલક દ્રષ્ટિએ જ) કહી શકાય. પરમાર્થ દૃષ્ટિએ તો વેદોમાં અનાદિ-અનન્ત જ્ઞાન જ ભરેલું છે. દયાનન્દ સરસ્વતીએ પણ વેદોને નિત્ય જ માન્યા છે અને પશ્ચાત્યોના મતનું ખંડન કર્યું છે. યાસ્કના સમય (ઈ.સ. પૂર્વે ૬૦૦)માં પણ વેદોમાં ઇન્દ્ર અને વૃત્ર વચ્ચેના યુદ્ધનું વર્ણન વાંચીને કેટલાક ઐતિહાસિકોએ તે વેદમંત્રોનું એવું જ અર્થઘટન કરેલું કે અહીં ઇન્દ્રદેવતા અને વૃત્ર નામના રાક્ષસનું યુદ્ધ વર્ણવાયું છે. પરંતુ યાસ્ક જેવા નિરુક્તકારે આવા ઇતિહાસપરક અર્થઘટનનો વિરોધ કરીને જણાવેલું કે આવાં વર્ણનોમાં "પ્રાકૃતિક ઘટનાનું વર્ણન છે" એમ સમજવું જોઈએ. જેમ કે, ઇન્દ્ર તે વાવાઝોડું અને વીજળીના કડાકાનું પ્રતીક છે અને જે વૃત્રાસુર હણાય છે તે વાદળમાંથી વરસતા વરસાદનું પ્રતીક છે. આમ નિરુક્તકાર યાસ્ક પણ વેદમાં આર્યોના નેતા રૂપ ઇન્દ્ર જેવી કોઈ ઐતિહાસિક વ્યક્તિનું વર્ણન હોય તેમ માનતા નથી. ભારતીય પરંપરા અનુસાર તો વેદોમાંથી ત્રણ પ્રકારના અર્થો જ કાઢી શકાય છે : ૧. આધ્યાત્મિક ૨. આધિદૈવિક અને ૩. આધિભૌતિક, (આવાં અર્થઘટનોનો સોદાહરણ પરિચય આગળ ઉપર આપવામાં આવશે.) વેદને અ-પૌરપેય કહીએ છીએ. પરંતુ ભારતીય પરંપરા 'વેદોમાં કોઈ ઇતિહાસ' હોવાનું સ્વીકારતી નથી. આપણા મતે તો વેદોમાં જે નદી, નગર, વ્યક્તિ, ઋષિનાં નામો, યુદ્ધાદિનાં વર્ણનો છે તે વ્યક્તિપુરક નથી; પણ તત્વજ્ઞાનથી ભરેલાં છે. તેનો કોઈ ગૂઢ આશય છે. વેદોના પ્રાચીનતમ ટીકાકાર સ્કંદસ્વામી લખે છે કે- औपचारिकोऽयं मन्त्रेष्वाख्यानसमयः । परमार्थे तु नित्यपक्ष एव इति सिद्धम् ॥ મંત્રોમાં કોઈ ઐતિહાસિક ઘટનાઓનું વર્ણન છે. એમ તો ઔપચારિક રીતે (ઉપલક દૃષ્ટિએ જ) કહી શકાય. પરમાર્થ દૃષ્ટિએ તો વેદોમાં અનાદિ-અનન્ત જ્ઞાન જ ભરેલું છે. દયાનન્દ સરસ્વતીએ પણ વેદોને નિત્ય જ માન્યા છે અને પશ્ચાત્યોના મતનું ખંડન કર્યું છે.

વૈદિક સાહિત્ય:

'વેદ' શબ્દથી ૧. ઋગ્વેદ, ૨. યજુર્વેદ, ૩. સામવેદ અને ૪. અથર્વવેદ-એ ચારેય વેદોનું ગ્રહણ થાય છે. (વળી, 'વેદ' શબ્દથી આ દરેક વેદના મૂળ મન્ત્રો (= સંહિતા–ભાગ), બ્રાહ્મણો, આરણ્યકો અને ઉપનિષદો સુધીના ભાગનું ગ્રહણ થાય છે. એ પણ સૌથી પહેલાં સ્પષ્ટ સમજી લેવું જોઈએ. તથા 'વૈદિક સાહિત્ય' તરીકે, આ ચારેય વેદો ઉપરાંત, તે વેદોને સમજવા ઉપયોગી એવાં છ વેદાંગો (૧. શિક્ષા, ૨.

કલ્પ, ૩. જયોતિષ, ૪. છન્દસ, ૫. વ્યાકરણ અને ૬. નિરૂક્ત. વિદ્વાનોના મંતવ્ય મુજબ, આમ ચારેય વેદોની અનેકાનેક શાખાઓ હતી; અને તે પ્રત્યેક શાખાનાં પોતપોતાના બ્રાહ્મણ, આરણ્યક, ઉપનિષદ્ અને કલ્પસૂત્રો વગેરે હતાં. તેમાંથી ઘણું બધું સાહિત્ય લુપ્ત થયેલું છે. પરંતુ પ્રાપ્ય છે એટલું વૈદિક સાહિત્ય પણ ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાનની પરિસીમાને સમેટીને બેઠું છે.

**સંદર્ભ નોંધ:**

1. एतं विदन्ति वेदेन तस्माद् वेदस्य वेदता । Indian Philosophy, part 1: p. 128.

2. As long as man continues to take an interest in the history of his race and as long as we collect in libraries and museums the relics of former ages, the first place in that long row of books which contains the records of the Aryan branch of mankind. will belong for ever to the Rigveda. - Max Muller, Ancient Sanskrit Literature, p. 36

3. भवद्भिः शुचिभिर्भूत्वा तथाऽवहितमानसैः । श्रूयतां नाट्यवेदस्य संभवो ब्रह्मनिर्मितः। महेन्द्रप्रमुखैर्देवैरुक्तः किल पितामहः । कीडनीयकमिच्छामो दृश्यं श्रव्यं च यद्भवेत् ॥ न वेदव्यवहारोऽयं संश्राव्यः शूद्रजातिषु । तस्मात्सृजापरं वेदं पञ्चमं सार्ववर्णिकम् ॥ नाट्यशास्त्र, अध्याय १ (७–१२)

4. अस्य महतो भूतस्य निःश्वसितम् एतद् यद् ऋग्वेदो यजुर्वेदः सामवेदोऽथर्वाङ्गिरस इतिहासः पुराणं विद्या उपनिषदः श्लोकाः सूत्राण्यनुख्यानानि व्याख्यानानि ।

– बृहदारण्यकोपनिषद् (४–५–१०)